# આકાશવાણી ભુજ

સમાચારવાચક: નેહલ ઠક્કર

કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ

તારીખ :૩૦-૧૦-૨૦૨૪ સમય: સાંજે :૦૬.૨૫

---

## પીએમ ગુજરાત મુલકાત

રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વે સંધ્યાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી નર્મદા જિલ્લાના એકતાનગરની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. શ્રી મોદી આજે 284 કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.પ્રધાનમંત્રી આજે 22 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ અને 75 કરોડ રૂપિયાના ખર્ચે બનનારા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનુંખાતમુહૂર્ત કરશે.

શ્રી મોદી ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપ અને પિક-અપ સ્ટેન્ડ, કાર ચાર્જિંગપોર્ટ, 4 મેગાવોટનો સોલર પ્રોજેક્ટ, ICU ઓન-વ્હીલ્સનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમએક્સપીરિયન્સ સેન્ટર જેવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. 2.58 કરોડ રૂપિયાના ખર્ચે એકતાનગર 3 રસ્તા, ગરૂડેશ્વર ચોક, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કની સામે અનેસહકાર ભવન પાસે ટ્રાફિક સર્કલ બનાવવામાં આવ્યા છે.પ્રધાનમંત્રી આવતીકાલે સવારે સ્ટેચ્યુ ઑફ યુનિટી પર પુષ્પાંજલિ અર્પણકરશે. તેમજ રાષ્ટ્રીય એકતા દોડની સલામી ઝીલશે.

REGIONAL NEWS

--------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત વધુ 16 ગૌશાળા-પાંજરાપોળના 26 હજારથી વધુ પશુઓ માટે 7.13 કરોડ રૂપિયાની સહાયચૂકવાઈ છે. ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની બેઠકમાં વર્ષ 2024-25ના પ્રથમતબક્કા એટલે કે એપ્રિલ 2024થી જૂન 2024 માટે રાજ્યની વધુ 16 ગૌશાળાતેમજ પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો.પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા તેમજ પાંજરાપોળના અંદાજે 26હજારથી વધુ પશુઓને તેનો લાભ થશે.ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત 2024 -25નાપ્રથમ તબક્કામાં અત્યાર સુધીમાં કુલ 1491 ગૌશાળા- પાંજરાપોળના 4 લાખ 40હજારથી વધુ પશુઓના નિભાવ માટે 120 કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે.

REGIONAL NEWS

---

# રાજ્ય યોગ બોર્ડ યોગ શિબિર

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાનઅંતર્ગત ૧૪ નવેમ્બરથી યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ડાયાબિટીસના દર્દીઓ ભાગ લઈ શકે છે.શિબિરમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ અભિયાન ગુજરાતના દરેક જિલ્લામાં યોજવામાં આવશે, જેમાં પૂર્વ કચ્છમાં ગાંધીધામ અને પશ્ચિમ કચ્છ જિલ્લામાં ભુજમાં આયોજન કરવામાં આવ્યું છે.

યોગ દ્વારા દરેક દર્દી ડાયાબિટીસ મુક્ત થઈને તેનો શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ થાય તેવો ગુજરાત રાજ્ય યોગ બોર્ડનો ઉદ્દેશ્ય છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીના અધ્યક્ષસ્થાને 16 નવેમ્બરનાં રોજ ભુજ ખાતે બપોરનાં ત્રણથી સાંજના સાત વાગ્યા દરમિયા યોગ કોર્ડીનેટર, યોગ કોચ, યોગ ટ્રેનર, યોગ સાધકો તથા સામાન્ય જનતા સાથે નૂતન વર્ષના ઉપલક્ષમાં યોગ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

---

# વાવ બેઠક પેટા ચુંટણી ચિત્ર સ્પસ્ટ

ગુજરાત વિધાનસભાની બનાસકાંઠા જિલ્લાની વાવ બેઠકની પેટાચૂંટણીમાં હવે દસ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે આજે ઉમેદવારીપત્રો પાછા ખેચાતા ચિત્ર સ્પષ્ટ થયું છે ભારતીય જનતાપાર્ટીએ સ્વરૂપજી ઠાકોર અને કોગ્રેસએ ગુલાબસિંહ રાજપૂતને જંગમાં ઉતાર્યા છે અન્ય અપક્ષ ઉમેદવારોએ પણ ઉમેદવારી કરી છે ગેનીબેન ઠાકોર લોકસભામાં ચૂંટાતા ખાલી પડેલ બેઠક પર 13મી નવેમ્બરનાં મતદાન હાથ ધરાશે

ચંદ્રવદન પટ્ટણી

---

# ભુજ લેવા પટેલ સમાજ એકતા પદયાત્રા

આઝાદી અપાવવામાં ભૂમિકા ભજવ્યા બાદ આઝાદ ભારતને એકતાંતણે બાંધનારા સરદાર વલ્લભભાઈ પટેલની 149મી જન્મ જયંતીએ ભુજમાં લેવા પટેલ સમાજ એકતા પદયાત્રા યોજશે, તે માટે મોટી તૈયારીઓ કરાઈ રહી છે. આવતીકાલે સવારે સરદાર પટેલ વિદ્યાસંકુલ, પરિસરમાંથી જ્યુબિલી, જિલ્લા સેવા સદન, જયનગરથી એરપોર્ટ સર્કલ બાજુ પાંચ કિ.મી.ની પદયાત્રા સંગીતના તાલે, અને રાષ્ટ્રભક્તિના સૂરો સાથે યોજાશે. કચ્છી લેવા પટેલ સમાજ ભુજ આયોજિત આ યાત્રામાં દરેક સમાજોને જોડાવા આમંત્રણ અપાયું છે જેમાં બીએસએફના જવાનો પણ જોડાશે.

ન્યુઝ પેપર

## ભુજ સ્મુતિ વન ખાતે દીવડા

જિલ્લા મથક ભુજ શહેરના ભુજીયા ડુંગરની ટોચે દિવાળી પર્વનો આગવો શણગાર સર્જાયો હતો. ભુજના સ્મૃતિવન ખાતે ધનતેરસની રાત્રિએ સ્થાનિક સંસ્થાઓના ઉપક્રમે 51 હજાર દીવડાઓ પ્રજ્વલિત કરી અદ્દભૂત દીપમાળા યોજવામાં આવી હતી. **ધનતેરસની સંધ્યાએ ભુજના ફ્રેન્ડસ ગ્રુપ અને અન્ય ૧૦૦થી વધુ સહયોગી સંસ્થાઓ** દ્વારા આ વર્ષે પણ સ્મૃતિવન ખાતે દિપોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ન્યુઝ પેપર

---------------------------------------------------------------------

## રાપર પૂર્વ કરછ દ્વારા સમીક્ષા મુલાકાત

દિવાળીના પાવન પર્વે લોક સલામતી અંતર્ગત પૂર્વ કચ્છ પોલીસ અધિકારીઓ વાગડના સરહદી ગામોની મુલાકાત લઈ જાત સમીક્ષા મેળવી હતી. સાથે જ રાપર તાલુકાના સરહદી બેલા પોસ્ટના બીએસએફ કેમ્પની પણ મુલાકાત લઈ સુરક્ષા જવાનો સાથે પોલીસની બેઠક યોજાઈ હતી.

સરહદી રાપર તાલુકાના બાલાસર પોલીસ મથકમાં પૂર્વ કચ્છ પોલીસ વડા બાગમાર દ્વારા વાર્ષિક ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ પરેડ, નોટ રિડીંગ, સરહદી પેટ્રોલિંગ, પોલીસ સ્ટાફની ઘટ ચર્ચા સાથે તથા બેલા ગામજનો સાથે લોક દરબારનુ આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત બાલાસર જાટાવાડા રોડ પર બની રહેલા નવા પોલીસ સ્ટેશનનુ નિરિક્ષણ કર્યું હતું. આગામી માર્ચ મહિનામાં બાલાસર પોલીસ મથક નવા બની રહેલા બિલ્ડીંગમા કાર્યરત થઈ જશે, જેથી બાલાસર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બનાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું.

ન્યુઝ પેપર

बहुजनहिताय बहुजनसुखाय
आकाशवाणी